## નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

## તા.૧૯/૦૭/૨૦૨૧ થી ૨૫/૦૭/૨૦૨૧

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|
| વાંસદા પો.સ્ટે. અધિકારી/ કર્મચારીઓ | વાંસદા પો.સ્ટે. 'પાર્ટ-સી ૧૧૮૨૨003૨૧0૯૩૯/૨૦૨૧ ૬૫AE,૮૧, ૯૮(૨), ૧૧૬(૨) મુજબ  સફેદ કલરની મહિદ્રા પીકઅપ નંબર-MH-48-AG-8848 ચાલક ભારતીય બનાવટનો વીદેશી દારૂનો જથ્થો ભરી આપનાર તથા લેનાર  વોન્ટેડ આરોપી :-  નાઓએ એક બીજાની મદદગારી કરી મહેન્દ્ર પીકઅપના બોડીના પાછળના ભાગે જુના વપરાયેલ ખાલી કેરેટની ઓથમાં વિદેશી દારૂની બાટલી તથા ટીન બીયર કુલ બોક્ષ નંગ-૩૫ જેમા કુલ્લે  નંગ-૧,૧૮૮ જેની કિ.રૂ.૧,૫૭,૨૦૦/- તથા વાહનની કિ.રૂ.૩,00,000/- તથા તહો અંગઝડતી ના રોકડા રૂપિયા ૨૦૦/- તથા ખાલી કેરેટ નંગ-૫૫ જેની કી.રૂ.૨૭૫૦/-ગણી તમામ મુદ્દામાલની કિ.રૂ.૪,૬૦,૧૫૦/- નો મુદ્દામાલસાથે ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ. |
| નવસારી ટાઉન  પો.સ્ટે. અધિકારી/ કર્મચારીઓ | નવસારી ટાઉન પો.સ્ટે.  પાર્ટ – C- ૧૧૮૨૨૦૧૯૨૧૨૪૬૯<br>પ્રોહી એકટ કલમ ૬૫AE,૧૧૬(૨),૯૮(૨),૮૧ મુજબ  આ કામના તહો નાએ વગર પાસ પરમીટે પોતાના કબ્જા ભોગવટાના ઘરમાં બેડરૂમમા તથા બાથરૂમમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની બાટલીઓ પોતાની એકટીવા મોપેડ નં. GJ-21-AG-9726 ઉપર વહન કરી લાવી તથા વોન્ટેડ આરોપી (૨) અર્જુન ગાંધી રહે.નવસારી જેના પુરા નામ સરનામા જણાઇ આવેલ ન હોય તેણે અમુક પ્રોહી જથ્થો લાવી પુરો પાડી એકબીજાની મદદગારી કરી ભારતીય બનાવટનો વિદેશી દારૂની વ્હીસ્કીની કુલ બાટલીઓ નંગ ૩૨ કુલ કિં રૂ. ૨૬,૦૦૦/- તથા એક નોકીયા કંપનીનો મોબાઇલ ફોન કિં રૂ. ૩૦૦૦/- તથા એકટીવા મોપેડ નં. GJ-21-AG-9726 કિં રૂ. ૧૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂપીયા ૩૯,૦૦૦/- નો મુદ્દામાલ સાથે ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ. |
| નવસારી રૂરલ પો.સ્ટે. અધિકારી/ કર્મચારીઓ | નવ.રૂરલ પાર્ટ સી ગુ.ર.ન ૧૧૮૨૨૦૨૧૨૧૪૦૨૨ પ્રોહી એકટ કલમ ૬૫એઈ, ૧૧૬(૨),૯૮(૨)  મુજબ પોતાના કબજાની મારૂતીવાન નંબર GJ-21-2650 કી.રૂ. ૧,૦૦,૦૦૦/- માં  ગેર કાયદેસરનો ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કી, બાટલીઓ નંગ કુલ નંગ-૯૧૨ તથા ટીન બીયર નંગ- ૭૨ મળી કુલ નંગ-૯૮૪ જેની કિં.રૂ.૬૦,૦૦૦/- નો પ્રોહી મુદ્દામાલ મળી કુલ કીં. રૂ. ૧,૬૦,૦૦૦/- નો મુદામાલ વહન કરી લઇ આવી પોલીસને જોઇ થોડે દુર તેના કબજાની મારૂતીવાનમાં ભરેલ પ્રોહી મુદામાલ સાથેની સ્થળ ઉપર મુકી નાશી ગયેલ હોય |
| નવસારી રૂરલ પો.સ્ટે. અધિકારી/ કર્મચારીઓ | પાર્ટ સી ગુ.ર.ન ૧૧૮૨૨૦૨૧૨૧૪૦૧૪ પ્રોહી એક્ટ કલમ ૬૫એઇ, ૧૧૬(બી), ૯૮(૨), મુજબ ગ્રે કલરની મારૂતી સુઝુકી બલેનો કાર રજી નં.GJ-16-CN-4476માં પાછળની ડીક્કીમા થેલાઓમા જેતે કંપનીના સીલબુચ તથા લેબલવાળી છુટી વ્હીસ્કી/ટીન બીયરોની કુલ બાટલી નંગ-૯૧ કિંમત રૂપિયા ૩૪,૨૦૦/- નો પ્રોહી મુદામાલ વગર પાસ પરમીટે પોતાના આર્થિક ફાયદા સારૂ વહન કરી લઇ આવી મારૂતી સુઝુકી બલેનો કાર રજી નં.GJ-16-CN-4476 કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન-૧ કિં.રૂ.૧૦,૦૦૦/- તથા આધારકાર્ડની નકલ કિ.રૂ.૦૦/૦૦ ગણી મળી કુલ કિ.રૂ.૫,૪૪,૨૦૦/- ના મુદ્દામાલ ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ. |

| | |
|---|---|
| એલ.સી.બી. નવસારી અધીકારી/કર્મચારીઓ | બીલીમોરાપો.સ્ટે. પાર્ટ-C-ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૬૨૧૧૫૪૪ પ્રોહી એકટ કલમ ૬૫એઈ,૧૧૬(૨),૮૧ ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂની વ્હીસ્કીની નાની મોટી બાટલીઓ નંગ ૩૩૬જેની કિ.રૂ. ૩૮,૪૦૦/- નો વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે રાખી તથા એક મોબાઇલ ફોન જેની કિમંત રૂ.૫૦૦/- મળી કુલ્લે રૂ.૩૮,૯૦૦ પ્રોહી મુદ્દામાલ સાથે ડીટેઇ નકરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ. |



ફરજ નિષ્ઠા | રવિવારે 5 વર્ષની બાળા ગુમ થયાની જાણ થતાં પોલીસ એકશનમાં આવી હતી

# નવસારીમાં સવારે 6.00 વાગ્યે બાળા ગુમ થઈ, 10.30 કલાકે પોલીસે શોધી માતાપિતાને સોંપી દીધી

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારી ટાઉન પોલીસ મથકે રવિવારે વહેલી સવારે પાંચ વર્ષીય નાનકડી બાળા તેના ઘર પાસેથી ગુમ થયાની જાણ ગુમ થનાર બાળકીની દાદીએ ટાઉન પોલીસ મથકે કરી હતી. ત્યાર બાદ એસ.પીએ આપેલ સુચનને ધ્યાને લઇ પીઆઇ મયુર પટેલે સ્ટાફને સુચના અને માર્ગદર્શનને ધ્યાને લઇને માત્ર ચાર કલાકમાં જ ગુમ થયેલ બાળકીનો કબજો તેમના માતાપિતાને સોંપી માનવતા મહેકાવી હતી.

નવસારીમાં કાગદીવાડ ખાતે રહેતી એક વૃદ્ધ મહિલાએ ટાઉન પોલીસ મથકે વહેલી સવારે 7.00 વાગ્યે આવે છે. પોલીસને હાથ જોડી આજીજી કરે છે કે તેમના દીકરાની પાંચ વર્ષીય મીનું (નામ બદલ્યું છે.) ઘર પાસે રમતી હતી, ત્યારે અચાનક 6.30 વાગ્યાના સુમારે ગુમ થઈ છે. ટાઉન પીઆઇ મયુર પટેલને જાણ થતાં તેમણે ડી સ્ટાફના પરેશભાઈ, કિરીટભાઈ અને સંતોષ સાલુંકેને સુચના આપતા નાનકડી બાળાની શોધખોળ શરૂ કરી દીધી હતી. ઘટનાની ગંભીરતા જોતા નવસારી ટાઉન સાથે એલસીબી પોલીસ અને એસઓજીની પોલીસ ટીમ પણ જોડાઈ હતી. બાળાના પિતાની પૂછપરછ દરમિયાન તેમના અંગત જીવનની વાતો સામે આવી હતી. જેને આધારે શોધખોળ કરતા અને મોબાઈલ ટેક્નિકલ સર્વેલન્સને આધારે જાણવા મળ્યું કે. છાપરા રોડ ખાતેથી બાળકીની માતા પાસે બાળા ચાલી ગઈ હતી. જેથી બાળાનો કબજો લઈ પોલીસે બાળાના વાલીઓને કબજો સોંપ્યો હતો. હાલમાં અનુષ્ઠાનો પર્વ હોય નાનકડી બાળાઓ વહેલી સવારે પૂજન અર્ચના કરવા જતી હોય ત્યારે આવી ઘટના બનતા લોકોમાં ભયનો માહોલ સર્જાય છે. નવસારી ટાઉન પોલીસ શહેરમાં કોઈ પણ દુર્ઘટના અંગે પહોંચી વળવા સક્ષમ હોય પોલીસની સફળ કામગીરી બદલ પોલીસની તમામ ટીમને શહેરના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા. નવસારી શહેરમાં વહેલી સવારે પાંચ વર્ષીય બાળા ગુમ થતાં ચકચાર મચી ગઈ હતી. નવસારી એસપીના માર્ગદર્શન હેઠળ બનેલી ત્રણ પોલીસની ટીમે માત્ર ચાર કલાકના ગાળામાં બાળાને તેના માતાપિતાને સોંપવાની ઘટનાએ નવસારી શહેરના લોકોએ પોલીસની કર્તવ્ય નિષ્ઠાને સલામ કરી હતી.

## બાળકીને 4 કલાકમાં શોધી વાલીઓને કબજો આપ્યો

"સવારે બાળા ગુમ થયાની ખબર પોલીસ મથકે આવતા એસપી ઋષિકેશ ઉપાધ્યાયની સુચના અનુસાર પોલીસની ત્રણ ટિમો બનાવી હતી. જેમાં ગુમ થનાર બાળાના માતાપિતા અલગ રહેતા હોય તે અંગે માહિતી મેળવી અને પડોશીઓના નિવેદનો લેવાયા હતા. જેમાં સવારે બાળકીની માતા કાગદીવાડ વિસ્તારમાં આવી હોય તેમ તપાસમાં ખુલતા તેઓ છાપરા રોડ ખાતે રહેતી હોય ત્યાંથી બાળાનો કબજો મેળવ્યો હતો. પોલીસે માત્ર 4 કલાકમાં બાળાનો કબજો માતાપિતાને સોંપ્યો હતો. અલગ રહેતા માતાપિતાને કારણે બાળક બીજી વાર ક્યાંય જતા ન રહે તે માટે બાળકીના માતા-પિતાનું કાઉન્સેલિંગ કરી સાથે રહે તે માટે પણ પોલીસે સલાહ આપી હતી. ■ મયુર પટેલ, પીઆઇ, ટાઉન પોલીસ નવસારી